# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૦૯ /૦૨/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરના ઉદ્યોગ–૨૦૧૦ દરમિયાન
## સ્વર્ણિમ ગુજરાત કલાપ્રદર્શન યોજાશે

સુરતઃ આજે જયારે સમગ્ર ગુજરાત ઉત્સાહ અને ઉલ્લાસ સાથે 'સ્વર્ણિમ ગુજરાત' વર્ષની ઉજવણી કરી રહયું છે ત્યારે આ ઉજવણીના ભાગરૂપે સમગ્ર દક્ષિણ ગુજરાતના કલાકારો,કલારસિકો અને કલા નિવેશકોને પ્લેટફોર્મ મળી રહે અને કલાની પ્રવૃત્તિ ધમધમતી રહે એવા ઉમદા આશય સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે યોજાનારા આગામી ૧૨/૩/૨૦૧૦ થી ૧૬/૩/૨૦૧૦ દરમિયાન 'ઉદ્યોગ–૨૦૧૦' માં 'સ્વર્ણિમ ગુજરાત કલા પ્રદર્શન'નું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રદર્શનમાં (૧) 'બ્રાન્ડ સુરત' (૨) ટ્રાફિક સેન્સ અને માર્ગ સલામતી (૩) ઓર્ગન ડોનેશન (૪) ગ્લોબલ વોર્મિંગની અસરો અને (૫) કલાકારનો પોતાનો વિષય વગેરે ઉપરની ચિત્રકૃતિઓ પ્રદર્શિત થશે.

'સ્વર્ણિમ ગુજરાત કલા પ્રદર્શન' આગામી ' ઉદ્યોગ ૨૦૧૦' દરમિયાન 'સુરત ઈન્ટરનેશનલ એકિઝબીશન સેન્ટર' સરસાણા ખાતે યોજાનાર છે જે આંતર રાષ્ટ્રિય કક્ષાનું ૧,૧૬,૦૦૦ સ્કવેર ફૂટનું એક પણ પીલર વિનાનું એર કન્ડીશન્ડ એકિઝબીશન સેન્ટર છે.

'સ્વર્ણિમ ગુજરાત કલા પ્રદર્શન'ને ઉદ્યોગ ૨૦૧૦ ના દેશ વિદેશના મુલાકાતીઓનો લાભ મળશે.કલાકારોને તેમની કૃતિઓ આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનારા ઉદ્યોગપતિઓ–વેપારીઓ સમક્ષ રજૂ કરવાની તક મળશે.

કલા પ્રદર્શન માટેની કૃતિઓ તા.૨૮/૦૨/૨૦૧૦ ના રોજ સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન ચેમ્બરના કાર્યાલયમાં ગ્રાઉન્ડ ફલોર,સમૃધ્ધિ,મકાઈ પુલ,નાનપુરા સુરત ખાતે સ્વીકારવામાં આવશે.ફોર્મ તથા વધુ જાણકારી માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી,સમૃધ્ધિ,મકાઈ પુલ,નાનપુરા સુરતનો ફોન નં.૦૨૬૧–૩૯૧૭૭૭૭,૨૪૭૯૪૩૧ ઉપર સંપર્ક કરવો.